NIRMA UNIVERSITY
NAAC ACCREDITED 'A' GRADE

# Nirma University
# Library Resource Centre

Publication: **Gujarat Samachar Plus** Edition: **Ahmedabad**
Date & Day: **02/03/2022 (Wed)** Page No: **01**

## નિરમા યુનિવર્સિટી દ્વારા ૧૦મી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી પરિષદનું આયોજન

ઇન્સ્ટિટ્યૂટ ઑફ લૉ, નિરમા યુનિવર્સિટી દ્વારા 'આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાઓને શરણાર્થી કાયદાઓના બદલાતી રૂપરેખા' થીમ પર આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી પરિષદની ૧૦મી આવૃતિનું આયોજન કરાયું હતું. ન્યાયમૂર્તિ રવિકુમાર ત્રિપાઠીએ કહ્યું, 'શરણાર્થીઓના ભવિષ્યની કલ્પના કરવી મુશ્કેલ છે કારણ કે આ લોકો દેશ વિનાના હોય છે. તકનિકી પ્રગતિ સાથે સમસ્યાઓ વધુ ગંભીર બની રહી છે.

રશિયા અને યુક્રેનના આંતરરાષ્ટ્રીય સંઘર્ષે આંતરરાષ્ટ્રીય કાયદામાં આર્થિક સિવાય અન્ય કોઇ પ્રતિબંધો નથી. કોઇપણ સમસ્યાઓનો ઉકેલ લાવવાનો એકમાત્ર રસ્તો સામાજિક સદ્ભાવના વાતાવરણમાં બદલાવ લાવવાનો છે.

ડૉ.જ્યોત્સના યાજ્ઞિકે કહ્યું, ન્યાયાધીશો બંધારણીય ભાવના, આંતરરાષ્ટ્રીય સંમેલનો અને સામાજિક પાસાંઓ વચ્ચે સુસંગતતા શોધવાની વિશેષ જવાબદારી નિભાવે છે. સ્વતંત્રતા અને સમાનતાની ભાવના જળવાઇ રહે, ભેદભાવ નાબૂદ થાય અને કાયદાનું શાસન જળવાઇ રહે તે માટે ન્યાયાધીશોએ માનસિક રીતે જાગૃત રહેવું જોઇએ.